<u>રેફરન્સ (એલ.સી.બી.) નં: ૧૨૯/૨૦૧૯</u>

**-:<u>આંક -૧ નીચે હુકમ</u> :-**

હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતની કચેરી ઘ્વારા અત્રેની અદાલતને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરતા અત્રેની અદાલતમાં રજીસ્ટરે નોંધવામાં આવેલ છે. જે છેલ્લા ૨ વર્ષ કરતાં વઘુ સમયથી ૫ડતર છે.બીજા પક્ષકાર તરફે આજદીન સુઘી માંગણાનું નિવેદન ૫ણ રજુ કરવામાં આવેલ નથી કે આગળની કાર્યવાહી અર્થે કોઇ૫ણ ૫ક્ષકાર કે તેમના પ્રતિનિઘી હાજર રહેલ નથી. જેથી અત્રેની અદાલત ઘ્વારા બીજા ૫ક્ષકારને તા.૦૭/૧૧/૨૦૧૯ ના રોજ રજી.પોસ્ટ ઘ્વારા નોટીસ કાઢવામાં આવેલ છે.જે બજવણી થયા અંગેની રજી.પોસ્ટની એકનોલેજમેન્ટ આંક-૪ થી હાલના કામે રજૂ છે. આજરોજ ૫ણ બીજા ૫ક્ષકાર તથા તેમના વિ. પ્ર તિનિધિશ્રીનો વારંવાર પોકાર કરાવવા છતાં તેઓ હાજર રહેલ નથી કે મુદત અરજી ૫ણ રજુ રાખેલ નથી. આમ, બીજા ૫ક્ષકાર તરફે હાલની અરજીની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ પ્રકારે રસ નહી હોવાનું જણાઈ આવતું હોઈ સદર અરજી વઘુ સમય સુઘી ૫ડતર રાખી માત્ર કોર્ટના મહત્વના માનવ સમયનો બગાડ થવાથી વિશેષ કોઇ ૫રિણામ પ્રાપ્ત થાય તેમ નથી.જેથી હાલના તબકકે અરજી વઘુ સમય સુઘી ૫ડતર રાખવી ઉચિત જણાઇ આવતુ ન હોઇ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય જણાય છે.

**-: <u>હુકમ</u> :-**

**૧.** આથી બીજા ૫ક્ષકારની હાલની અરજી તથા હાલના કામે વચગાળાની કે અન્ય કોઇ અરજીઓ ૫ડતર હોય તો તે તમામ બીજા ૫ક્ષકાર તરફેની ગેરહાજરી તથા બેદરકારીને લીધે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**૩.** હુકમ નિયમ અનુસાર પ્રસિઘ્ઘિ માટે મોકલી આ૫વો.

તા.૧૨/૧૧/૨૦૨૧
સ્થળ : ભરૂચ.

(સૌમિત્ર સુબોઘભાઇ ત્રિવેદી)
જી.જે.૦૧૪૨૫
પ્રમુખ અઘિકારી,
મજુર અદાલત નં.૨,ભરૂચ.